Received on : 11-03-2026
Registered on : 11-03-2026
Decided on : 16-03-2026
Duration : Y M D
- - 05

**જૂનાગઢના મે. પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ**
**ફોજદારી પરચુ. અરજી નં. ૧૯૨/૨૦૨૬.**

આંક- ૦૬

**અરજદાર.** ચિરાગ શાંતીલાલ સાધુ (બાવાજી),
ઉ.વ. ૨૭, ધંધો-નોકરી (કન્સટ્રકશન),
રહે. ગોકુલ બંગલો, અક્ષરધામ, મકાન નં. ૧,
ભેંસાણ, જી. જુનાગઢ .
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ ટેમ્પરરી જામીન અરજી.

**ગુન્હો :-** બી.એન.એસ.ની કલમ- ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટ ની કલમ ૬૬(ડી) મુજબ.

**સંદર્ભ :-** જૂનાગઢ સી-ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૭૧૨૫૦૦૩૧/૨૫

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી ડી. એન. અપરનાથી.
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. એડી. પી.પી.શ્રી એન. કે. પુરોહિત.

---

**-: હ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપી સામે સાઈબર પોલીસ સ્ટેશન, પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૭૧૨૫૦૦૩૧/૨૫, બી.એન.એસ.ની કલમ- ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટ ની કલમ ૬૬(ડી) મુજબ ગુનો નોંધાયેલ અને તે ગુનાને કામે હાલના અરજદાર/ આરોપી તા. ૧૩-૧ ૨-૨૦૨૫ ના રોજ અટક થાય બાદથી કસ્ટડીમાં હોય, તેઓ તરફે બી. એન. એસ. એસ. ની કલમ ૪૮૩ અન્વયે વચગાળાના જામીન ઉપર મુકત થવા માટે તેમના વકીલશ્રી મારફત હાલની આ અરજી દાખલ કરેલ છે. જે અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિદ્વાન મુખ્ય સરકારી વકીલશ્રી પુરોહિત હાજર થયેલા. તેઓએ તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું આંક-૦૫ થી રજુ કરેલ છે.

(૨) અરજીના અનુસંધાને અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી ને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી ને રૂબરૂ સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ પેપર્સ તથા પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે આં ક-૦૫ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધુ.

(૩) અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, હાલની અરજી ગુણદોષ ઉપર નહીં પરંતુ, અરજદાર/આરોપીના પત્નીનો શ્રીમંતનો પ્રસંગ તા. ૨૮/૩/૨૬ના રોજ નકકી થયેલ હોય, તેમની આ સામાજીક પ્રસંગમાં હાજરી અનીવાર્ય હોય, જેથી માનવતાની દૃષ્ટિએ દિન-૭ તા. ૨૩/૩/૨૬ થી તા. ૩૦/૩/૨૬ સુધીના હંગામી

જામીન મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૪)** જયારે સરકાર તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ હોય વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી–ભાગી જાય તેમ છે અને અરજદાર/આરોપીની અગાઉ રેગ્યુલ જામીન અરજી પણ નામંજુર થયેલ છે જે તમામ હકીકતે અરજદાર/આરોપીની દિન–૭ ની વચગાળાની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૫)** બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ઘ્યાને લીધી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ પેપર્સ, પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું ઘ્યાને લીધુ.

**(૫.૧)** ફરીયાદ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા, આ કામે આરોપીની સામે બી.એન.એસ.ની કલમ– ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટ ની કલમ ૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર/આરોપી સામે ઉકત જણાવેલ ગુના સબંધે ફરીયાદ દાખલ થયા બાદ તા. ૧૩/૧૨/૨૦૨૫ના રોજ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદારે હાલની અરજીમાં તેમના પત્નીના શ્રીમંતમાં હાજર રહેવા દિન–૭ના વચગાળાના જામીનની માંગણી કરેલ હોય, જે તમામ હકીકત તથા રજુઆતો અને દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતા અરજદાર/આરોપીની પત્નીનો શ્રીમંતનો પ્રસંગ તા. ૨૮/૩/૨૬ના રોજનો હોય, તે દિવસ પુરતી પોલીસ જાપ્તા સાથે અરજદારને વચગાળાના જામીન પર મુકત કરવાનું ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો શરતોને આધિન હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

હાલના અરજદાર/આરોપી ચિરાગ શાંતીલાલ સાધુ (બાવાજી), નાઓની મર્યાદિત સમય માટેની જામીન અરજી આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

અરજદાર/આરોપીને તા. ૨૭–૩–૨૦૨૬ ના સાંજના કલાક ૧૮–૦૦ વાગ્યાથી તા. ૨૯–૩–૨૬ ના સવારના કલાક ૧૦–૦૦ વાગ્યા સુધી તેઓની પત્નીના શ્રીમંત પ્રસંગ અર્થે મુ. થરા તા. કાંકરેજ જી. બનાસકાંઠા હાજર રહેવા માટે પોલીસ બંદોબસ્ત સાથે આરોપીના ખર્ચે પોલીસ બંદોબસ્ત ફાળવવા માટે જીલ્લા જેલ અધિક્ષક, જૂનાગઢનાઓને આથી આદેશ કરવામાં આવે છે.

(૧) આ વ્યવસ્થા એટલે કે, તા. ૨૭–૩–૨૦૨૬ ના સાંજના કલાક ૧૮–૦૦ વાગ્યાથી તા. ૨૯–૩–૨૬ ના સવારના કલાક ૧૦–૦૦ વાગ્યા સુધીનો પોલીસ બંદોબસ્ત માટેનો તમામ ખર્ચ અરજદાર/આરોપીએ ભોગવવાનો રહેશે અને તે જમા કરાવ્યેથી સદરહુ હુકમનો અમલ થવાપાત્ર રહેશે.

(૨) અરજદાર/આરોપીએ હાલના હુકમમાં જણાવ્યા પ્રમાણે જેલમાંથી તા. ૨૭–૩–૨૦૨૬ ના સાંજના કલાક ૧૮–૦૦ વાગ્યાથી તા. ૨૯–૩–૨૬ ના સવારના કલાક ૧૦–૦૦ વાગ્યા સુધીમાં પરત જેલમાં લાવવાના રહેશે.

(૩) અરજદાર/આરોપીએ સદરહુ સ્વતંત્રતાનો કોઈપણ પ્રકારે દુરઉપયોગ કરવો નહીં.

(૪) અરજદાર/આરોપીને લઈ જવા સબંધે તથા પરત લાવવા દરમ્યાન જો કાયદો અને વ્યવસ્થા જાળવવામાં કોઈપણ પરિસ્થિતી ઉપસ્થિત થાય

તો અરજદાર/આરોપીને લઈ જતા પોલીસ કર્મચારી/અધિકારી અરજદાર/ આરોપીને તાત્કાલીક પરત લાવવા પુરતી સત્તા અને હકક રહેશે.

હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશન તથા જીલ્લા જેલ અધિક્ષક, જૂનાગઢનાઓને મોકલી આપવી.

જૂનાગઢ.
તા.૧૬–૩–૨૦૨૬.

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
પાંચમા એડી. સેશન્સ જજ,
જૂનાગઢ
(કોડ નં.જીજે.–૦૧૦૦૫)